EDII

Gandhinagar Samachar

May 12, 2016
Page No. 6

# ઈડીઆઈ દ્વારા આયોજિત સમર કેમ્પ સંપન્ન થયો

ગાંધીનગર, તા. ૧૧

૧૨થી ૧૬ વર્ષના બાળકોમાં ઉદ્યોગસાહસિકતાના ગુણો વિકસે અને તેમનામાં નેતૃત્વ અને નિર્ણય શક્તિની ક્ષમતા ખીલે તે માટે વર્ષ ૧૯૯૪થી આન્ત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા ખાતે બાળકો માટે સમર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે ૧થી ૬મે દરમિયાન યોજાયેલા બાળકો માટેના સમર કેમ્પમાં છ રાજ્યના કુલ ૯૩ બાળકોએ ભાગ લીધો હતો. ૨૨ જુદા જુદા શહેરોના ૬૩ છોકરાઓ અને ૩૦ છોકરીઓએ ગોલ સેટિંગ અને ટીમ બિલ્ડિંગના પાઠ શીખ્યા હતા.

અત્યાર સુધી વાલીઓ પોતાના બાળકોને માત્ર ડોક્ટર, સી.એ. કે એન્જિનિયર જ બનાવવા માંગતા હતા. પરંતુ એ ખરેખર ખુશીની વાત છે કે હવે માતા-પિતા પોતાના સંતાનને ઉદ્યોગસાહસિક પણ બનાવવા માંગે છે.

ઈડીઆઈના પ્રમુખ તથા આઈડીબીઆઈ બેન્કના એમડી તથા સીઈઓ શ્રી કિશોર ખરાતે સમર કેમ્પની પૂર્ણાહુતિ પ્રસંગે તેનો ભાગ બનેલા વિદ્યાર્થીઓને સંબોધન કરીને બાળકો તથા વાલીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

સમર કેમ્પના છેલ્લા દિવસે પાર્ટિસિપન્ટ્સને સર્ટિફિકેટ આપવાના પ્રસંગે ઈડીઆઈના પ્રમુખ તથા આઈડીબીઆઈ બેન્કના એમ.ડી તથા સીઈઓ શ્રી કિશોર ખરાત મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે કહ્યું કે, નોકરીની સરખામણીએ ધંધામાં વધુ જોખમ રહેલું છે. હું એ તમામ વાલીઓને અભિનંદન પાઠવું છું કે જે પોતાના સંતાનને માત્ર ડોક્ટર, સીએ કે એન્જિનિયર જ નહિ પરંતુ આન્ત્રપ્રિન્યોર બનાવવા માંગે છે. ઉદ્યોગ સાહસિકતા ક્ષેત્રે રહેલી કારકિર્દીની વિપુલ તકો અંગે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે વિશ્વભરમાં ભારતમાં બિઝનેસની સફળતાનો દર સૌથી ઊંચો છે. જો નીતિમત્તાનું પાલન ન થાય તો બિઝનેસ ખીલતો નથી.